## 1. **મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના (MYSY)**

**(Portal: https://mysy.guj.nic.in/)**

**હેતુ:**

- ગુજરાત રાજ્યના ઉચ્ચ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવતા તેજસ્વી અને જરૂરીયાતમંદ વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે જરૂરી આર્થિક સહાય મળી રહે તે હેતુથી શૈક્ષણિક વર્ષ ૨૦૧૫-૧૬થી મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના(MYSY) સરકારશ્રી દ્વારા શરૂ કરવામાં આવેલ છે.

**પાત્રતાનાં ધોરણો:**

- ધોરણ-૧૦ની પરીક્ષામાં ૮૦ કે તેથી વધુ પર્સેન્ટાઈલ મેળવી નિયત ડીપ્લોમાં અભ્યાસક્રમમાં પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ
- ડીપ્લોમાં અભ્યાસક્રમની પરીક્ષામાં ૬૫ કે તેથી વધુ ટકા સાથે પાસ કરી મેળવી ડીગ્રી(સ્નાતક) કક્ષાના અભ્યાસક્રમનાં પ્રથમ/બીજા વર્ષમાં પ્રવેશ મેળવનાર ડી-ટુ-ડી ના વિદ્યાર્થીઓ
- ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ અથવા સામાન્ય પ્રવાહની પરીક્ષામાં ૮૦ કે તેથી વધુ પર્સેન્ટાઈલ મેળવી નિયત સ્નાતક અભ્યાસક્રમમાં પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ
- MBBSમાં NEETના આધારે એડમિશન મેળવનાર વિદ્યાર્થીઓ
- રૂ. ૬ લાખ સુધીની કૌટુંબિક વાર્ષિક આવક ધરાવનાર વાલીઓના સંતાનોને આ યોજનાનો લાભ મળશે.

**આ યોજના હેઠળ મળવાપાત્ર સહાય: (વાર્ષિક ધોરણે)**

| **અભ્યાસક્રમ** | **ટ્યુશન ફી સહાય *** | **રહેવા-જમવાની સહાય** | **સાધન-પુસ્તક સહાય (પ્રથમ વર્ષે)** |
|---|---|---|---|
| Medical and Dental | રૂ.૨00000 | રૂ.૧૨000 | રૂ.૧0000 |
| Engineering/Technology, Pharmacy, Ayurveda, Nursing, Para-Medical | રૂ.૫0000 | રૂ.૧૨000 | રૂ.૫000 |
| Diploma | રૂ.૨૫000 | રૂ.૧૨000 | રૂ.3000 |
| B.Sc., B.Com, BCA, BBA, B.A. | રૂ.૧0000 | રૂ.૧૨000 | |

*ટ્યુશન ફીના૫0% અથવા મહત્તમ મર્યાદા – બે પૈકી ઓછું હોય તે.

### 1.1 **એજ્યુકેશન લોન પર વ્યાજ સબસીડી યોજના (ISEL)**

**(Portal: https://isel.guj.nic.in/)**

**હેતુ:**

- રાજ્યના તેજસ્વી અને જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને દેશ તેમજ વિદેશમાં ઉચ્ચ શિક્ષણ માટે આર્થિક સહાય મળી રહે તે માટે તેઓએ શિડયુલ બેંકમાંથી લીધેલ એજ્યુકેશન લોન ઉપર વ્યાજ સહાય આપવા વર્ષ ૨૦૧૭-૧૮થી આ યોજના શરૂ કરવામાં આવી છે.

**પાત્રતાના ધોરણો:**

- વિદ્યાર્થીએ ધોરણ ૧૨ની પરીક્ષા ૬૦ કે તેથી વધુ પર્સેન્ટાઈલ સાથે પાસ કરેલ હોય.
- કુટુંબની વાર્ષિક આવક રૂ.૬.૦૦ લાખ સુધીની હોય.
- શિડ્યુલ્ડ બેંક પાસેથી એજ્યુકેશન લોન લીધેલ હોવી જોઈએ

**<u>સહાયના ધોરણો:</u>**

- રૂ.૧૦ લાખ સુધીની એજ્યુકેશન લોન પર મોરિટેરીયમ પિરિયડ (કોર્ષ સમયગાળો + 1 વર્ષ) સુધી એજ્યુકેશન લોન પરનું ૧૦૦% સાદું વ્યાજ સબસીડી તરીકે આપવામાં આવે છે.

## 2. મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિ યોજના (MKKN)

**(Portal: https://mysy.guj.nic.in/)**

**<u>હેતુ:</u>**

- MBBS અભ્યાસક્રમમાં અભ્યાસ કરતી કન્યાઓને આર્થિક સહાય પૂરી પાડવા.

**<u>પાત્રતાનાં ધોરણો:</u>**

- NEET આધારે MBBSમાં પ્રવેશ મેળવનાર કન્યાઓ અને રૂ. ૬ લાખ સુધીની કૌટુંબિક વાર્ષિક આવક ધરાવનાર વાલીઓનાં સંતાનોને સહાય મળવાપાત્ર છે.
- આ યોજના અંતર્ગત મેડીકલ શિક્ષણ ક્ષેત્રે MBBSમાં અભ્યાસ કરતી કન્યાઓને મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના હેઠળ મળેલ ૫૦% ટ્યુશન ફી સહાય **<u>ઉપરાંત</u>** બાકી રહેલ ટ્યુશન ફી સહાય કુલ ટ્યુશન ફી રૂ. ૬ લાખની મર્યાદામાં મળવાપાત્ર છે.

## ૩. સ્કીમ ઓફ ડેવલપિંગ હાઈ ક્વોલિટી રીસર્ચ (શોધ યોજના)

**(Portal: https://shodh.guj.nic.in/)**

શિક્ષણ વિભાગ દ્વારા રાજ્યમાં આવેલી માન્ય યુનિવર્સિટીઓમાં પી.એચ.ડી. કોર્સમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ પૈકી ગુણવત્તાયુક્ત સંશોધન કરનાર વિદ્યાર્થીઓને આર્થિક સહાય પૂરી પાડવા વર્ષ ૨૦૧૯ થી SHODH (ScHeme Of Developing High quality research) યોજના શરૂ કરવામાં આવેલ છે.

➢ **<u>હેતુ:</u>**

- ગુજરાત રાજ્યમાં આવેલી માન્ય યુનિવર્સિટીઓમાં પી.એચ.ડી. કોર્સમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓને ઉચ્ચ કક્ષાના ગુણવત્તાયુક્ત સંશોધન માટે આર્થિક સહાય પૂરી પાડવી.

➢ **<u>પાત્રતાના ધોરણો</u>**

1. અનુસ્નાતક કક્ષાએ ઓછામાં ઓછા ૫૫% જેમાં એસ.સી/એસટી./ઓબીસી (નોન-ક્રીમીલેયર)/ડિફરન્ટલી એબ્લ્ડ કેટેગરીના વિદ્યાર્થીઓને ૫% (ગ્રેસીંગ અને રાઉન્ડ ઓફ કર્યા સિવાય) ની છુટછાટ મળવાપાત્ર રહેશે.
2. ગુજરાતની માન્ય સરકારી, સેકટોરલ કે ખાનગી યુનિવર્સિટી અથવા રીસર્ચ સંસ્થામાં પી.એચ.ડી. કોર્સમાં રેગ્યુલર ફુલ ટાઈમ મોડમાં પ્રવેશ મેળવેલ હોવો જોઈએ. રાષ્ટ્રીય કક્ષાની સંસ્થાઓના વિદ્યાર્થીઓને આ યોજનાનો લાભ મળવાપાત્ર નથી.

3. વિદ્યાર્થી કોઈપણ સંસ્થા ખાતે કોઈ પણ રીતે કામગીરી બજાવતો/આવક અને અન્ય સ્કોલરશીપ મેળવતો ન હોવો જોઈએ.

➢ **નાણાંકીય સહાય**

આ યોજના અંતર્ગત મંજૂર થયેલ વિદ્યાર્થીઓને પ્રતિ માસ રૂ.૧૫,૦૦૦ સ્ટાઇપેન્ડ અને વાર્ષિક રૂ.૨૦,૦૦૦ કન્ટીજન્સી સહાય એમ બે વર્ષમાં કુલ રૂ.૪,૦૦,૦૦૦ની સહાય આપવામાં આવે છે.

## 4. માન.મુખ્યમંત્રીશ્રી શિષ્યવૃત્તિ યોજના(CMSS)

**(Portal: https://scholarships.gujarat.gov.in/)**

**હેતુ:**

- ગુજરાત રાજ્યના નિયત કરેલ ૭ કેટેગરીના અતિ જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે જરૂરી આર્થિક સહાય મેરીટના ધોરણે પુરી પાડવા માટે "માન.મુખ્યમંત્રીશ્રી શિષ્યવૃત્તિ યોજના"(CMSS)વર્ષ ૨૦૧૪-૧૫થી અમલમાં મુકવામાં આવેલ છે.

**પાત્રતાના ધોરણો:**

- ધોરણ-૧૦ કે ધોરણ-૧૨ની પરીક્ષા આપી ડીપ્લોમા અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ, ડિપ્લોમાની પરીક્ષા આપી ડિગ્રી અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ કે ધોરણ-૧૨ની પરીક્ષા આપી ડિગ્રી અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ.
- રૂ. ૪.૫૦ લાખ સુધીની કૌટુંબિક વાર્ષિક આવક ધરાવનાર વાલીઓના સંતાનોને આ યોજનાનો લાભ મળશે.

**લાભાર્થી વિદ્યાર્થી ક્યાં ગ્રુપમાંથી આવશે?**

1. ૫૦%થી ઓછો મહિલા સાક્ષરતા દર ધરાવતા તાલુકાઓની કન્યાઓ,
2. યુધ્ધ,આતંકવાદ,નકસલવાદ જેવી ઘટનાઓમાં ફરજો દરમ્યાન માર્યા ગયા હોય અથવા કાયમી રીતે વિકલાંગ થયા હોય તેવા જવાનોના સંતાનો
3. શ્રમિક વાલીના બાળકો
4. ૪૦% કે તેથી વધુ વિકલાંગતા ધરાવતા વાલીના બાળકો અથવા વિદ્યાર્થી કે જે પોતે ૪૦% કે તેથી વધુ વિકલાંગતા ધરાવતા હોય
5. વિધવા મહિલાના બાળકો
6. અનાથ બાળકો જેના માતા-પિતા બન્ને મરણ પામેલ હોય;
7. ડીવોર્સી/ત્યકતા મહિલાના બાળકો.

**યોજના હેઠળ મળવાપાત્ર ટ્યુશન ફી સહાય:** (વાર્ષિક ધોરણે ટ્યુશન ફીના૫૦% અથવા મહત્તમ મર્યાદા – બે પૈકી ઓછું હોય તે.)

| અભ્યાસક્રમ | મેરિટનો આધાર | શિષ્યવૃત્તિ સંખ્યા | મહત્તમ સહાય |
|---|---|---|---|
| મેડીકલ અને ડેન્ટલ | NEET**ના ગુણના આધારે** | **૨૫૦** | **રૂ. ૫,૦૦,૦૦૦/-** |
| આયુર્વેદ. હોમિયોપેથી, | NEET**ના ગુણના આધારે** | **૨૦૦** | |

| | | | |
|---|---|---|---|
| નર્સિંગ, ફિઝ્યોપેથી, અન્ય પેરા-મેડીકલ કોર્ષ | **ધોરણ-૧૨ના PCB થીયરી ગુણના આધારે** | **૫૦** | **રૂ. ૧,૦૦,૦૦૦/-** |
| એન્જીન્યરીંગ/ટેકનોલોજી/ ફાર્મસી (ડીપ્લોમા ટુ ડીગ્રી), ડી ટુ ડી | **ડી ટુ ડી (ડીપ્લોમાંનું પરિણામ** | **૩૧૦** | **રૂ. ૧,૦૦,૦૦૦/-** |
| | **ડીગ્રી (એડમિશન કમિટી દ્વારા લેવાતા નિયમો મુજબ)** | **૫૭૦** | |
| ડીપ્લોમાં | **ધોરણ-૧૦ ના આધારે** | **૧૨૦** | **રૂ. ૫૦,૦૦૦/-** |
| ઉચ્ચ શિક્ષણના અન્ય અભ્યાસક્રમો બી.એ.બી.કોમ, બીસીએ, બી.બી.એ. માટે | **ધોરણ-૧૨ ના સાયન્સ (PCM) ગુણના આધારે** | **૩૦૦** | રૂ. ૧૦,૦૦૦/- |
| | **ધોરણ-૧૨ ના સાયન્સ (PCB) ગુણના આધારે** | **૧૦૦** | |
| | **ધોરણ-૧૨ કોમર્સ અને આર્ટસના પરિણામના આધારે** | **૬૦૦** | |